HC Bailif NTA

ટેસ્ટ પુસ્તિકા કોડ : **W**

**PSBP9E**

ટેસ્ટ પુસ્તિકા નંબર 906657

માન્ય સમય : 01 કલાક 30 મિનિટ | કુલ પ્રશ્નો : 100 | મહત્તમ ગુણ : 100

**(જ્યાં સુધી તમને આવું કરવા માટે કહેવામાં ન આવે ત્યાં સુધી આ પરીક્ષણ પુસ્તિકા ખોલશો નહીં)**

ઉમેદવારનું નામ (મોટા અક્ષરમાં) : ...............................

રોલ નંબર : આંકડામાં ...............................

: શબ્દોમાં ...............................

પરીક્ષા કેન્દ્ર (મોટા અક્ષરમાં) : ...............................

ઉમેદવારની સહી : ............................... નિરીક્ષકની સહી : ...............................

કેન્દ્ર અધિક્ષકની પ્રતિકૃતિ સહી સ્ટેમ્પ : ...............................

**આ પ્રશ્નપત્રનો પ્રયાસ કરતા પહેલા કૃપા કરીને આ પૃષ્ઠ અને પાછળના પૃષ્ઠ પર આપવામાં આવેલી સૂચનાઓને કાળજીપૂર્વક વાંચો**

## ઉમેદવારો માટે મહત્વની સૂચનાઓ

1. આ ટેસ્ટ પુસ્તિકામાં 100 પ્રશ્નો છે. દરેક સાચા જવાબ માટે 01 માર્ક છે.
2. દરેક ખોટા/બહુવિધ જવાબો માટે, 0.33 માર્કસનું નેગેટિવ માર્કિંગ છે.
3. પ્રયાસ ન કરેલા પ્રશ્નો માટે કોઈ નકારાત્મક ગુણ નથી.
4. આ ટેસ્ટ પુસ્તિકા માટે કોડ છે **W**. ખાતરી કરો કે OMR આન્સર શીટ પર છાપેલ કોડ આ ટેસ્ટ પુસ્તિકા પરના કોડ સમાન છે.
5. આ ટેસ્ટ પુસ્તિકા પર તમારો રોલ નંબર લખવાનું ભૂલશો નહીં.
6. OMR આન્સર શીટ આ ટેસ્ટ બુકલેટની અંદર છે. જ્યારે તમને ટેસ્ટ બુકલેટ ખોલવા માટે નિર્દેશિત કરવામાં આવે, ત્યારે OMR આન્સર શીટ બહાર કાઢો અને માત્ર બ્લુ/બ્લેક બોલ પોઈન્ટ પેન વડે જ કાળજીપૂર્વક વિગતો ભરો.
7. OMR આન્સર શીટ પર પ્રતિભાવોને ચિહ્નિત કરવા/ડાર્ક કરવા માટે માત્ર બ્લુ/બ્લેક બોલ પોઈન્ટ પેનનો ઉપયોગ કરો.
8. પ્રશ્નપત્રનો પ્રયાસ કરતા પહેલા કૃપા કરીને તપાસો કે આ ટેસ્ટ પુસ્તિકામાં કુલ 12 પૃષ્ઠો છે. પરીક્ષાની શરૂઆતમાં પ્રથમ પાંચ મિનિટમાં, ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તે ખાતરી કરે કે ટેસ્ટ પુસ્તિકા અને OMR આન્સર શીટના તમામ પૃષ્ઠો યોગ્ય રીતે છપાયેલા છે અને પરીક્ષણ પુસ્તિકાને કોઈપણ રીતે નુકસાન થયું નથી.
9. એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે સીરીયલ નંબર અને OMR આન્સર શીટ અને ટેસ્ટ બુકલેટનો કોડ એકબીજા સાથે મેળ ખાય છે. કોઈપણ વિસંગતતાના કિસ્સામાં, ઉમેદવારે પરીક્ષણ પુસ્તિકા અને OMR આન્સર શીટ બંને બદલવા માટે તાત્કાલિક નિરીક્ષકને આ બાબતની જાણ કરવી જોઈએ. પરીક્ષા શરૂ થયાની પાંચ મિનિટ પછી આ સંબંધમાં કોઈ દાવાને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
10. બધા પ્રશ્નો ફરજિયાત છે. દરેક પ્રશ્નમાં ચાર વિકલ્પો છે. દરેક પ્રશ્નનો એક જ સાચો જવાબ છે. સૌથી યોગ્ય વિકલ્પ પસંદ કરો અને OMR આન્સર શીટ પર સંબંધિત વર્તુળને ઘાટું કરો.

SEAL



PariksaPath · pariksapath.in

*નિર્દેશ : પ્રત્યેક પ્રશ્નના ચાર વિકલ્પો છે. પ્રત્યેક પ્રશ્નનો ફક્ત એક જ સાચો જવાબ છે. એમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને એને ઘાટો કરો. OMR શીટના સંબંધિત વર્તુળને ઘાટું કરવાનું છે.*

1. 'તરોપુ' તળપદા શબ્દનું શિષ્ટ રૂપ શોધો.
   (1) નાળિયેર
   (2) ઠીકરું
   (3) તરાપો
   (4) હોડી

2. આપેલ વાક્યમાંથી રેખાંકિત શબ્દની સંજ્ઞા ઓળખાવો- આપને <u>સમાનતા</u> રાખવી જોઈએ.
   (1) જાતિવાચક
   (2) ભાવવાચક
   (3) સમૂહવાચક
   (4) વ્યક્તિવાચક

3. ખોટી જોડણી શોધો.
   (1) કોશિશ
   (2) યુનિવર્સિટી
   (3) કુલિન
   (4) ઘડિયાળ

4. 'ઉમદા' શબ્દનો સાચો સમાનાર્થી શોધો.
   (1) નઠારું
   (2) અધમ
   (3) સારું
   (4) ઉમંગ

5. 'શિંગડાં માંડવાં' રૂઢિપ્રયોગનો અર્થ શોધો.
   (1) સામા થવું
   (2) ઘાયલ કરવું
   (3) ઝઘડો ટાળવો
   (4) આનંદ કરવો

6. 'હાથરુમાલ' શબ્દમાં કયો સમાસ છે?
   (1) દ્વિગુ
   (2) મધ્યમપદલોપી
   (3) કર્મધારય
   (4) ઉપપદ

7. 'આપ ભલા તો જગ ભલા' - કહેવતનો અર્થ શોધો.
   (1) વંદન કરવાં
   (2) જમી લેવું
   (3) ભલા સાથે સૌ ભલું
   (4) ક્રોધ કરવો

8. નીચેના વિધાનમાંથી નિપાત શોધો.
   'અમારે જમવું હોય તો ખબર રાખીએ ને!'
   (1) જમવું
   (2) ખબર
   (3) અમારે
   (4) ને

9. 'સોપો પડવો' રૂઢિપ્રયોગનો અર્થ શોધો.
   (1) વસ્તુની સોંપણી કરવી
   (2) દેખાવ કરવો
   (3) નીરવ શાંતિ થવી
   (4) અવાજ આવવો

10. શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો - 'ગધેડાનું બચ્ચું'
   (1) વછેરો
   (2) લવારું
   (3) ખોલકું
   (4) વાછરું

11. 'નાજુક' શબ્દનો વિરુદ્ધાર્થી શોધો.
   (1) કમળ
   (2) પથ્થર
   (3) મજબૂત
   (4) ક્ષણ

12. 'અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ સરખા' પંક્તિમાં કયો અલંકાર છે?
   (1) ઉત્પ્રેક્ષા
   (2) અનન્વય
   (3) ઉપમા
   (4) રૂપક

PariksaPath · pariksapath.in

13. 'સરપણ' તળપદા શબ્દનું શિષ્ટ રૂપ શોધો.
(1) સગપણ
(2) સપ્રમાણ
(3) સર્વસ્વ
(4) નાગણ

14. નીચેના વિધાનમાંથી સંયોજક શોધો-
'એ તો બ્રાહ્મણના કુળનો ધર્મ છે કે એમ કરવું.'
(1) છે
(2) કે
(3) તો
(4) ધર્મ

15. 'વર્ગમાં લંબચોરસ ટેબલ પડયું હતું' વિધાનમાં વિશેષણ કયું છે?
(1) ટેબલ
(2) પડયું
(3) વર્ગમાં
(4) લંબચોરસ

16. નીચેનામાંથી ખોટી જોડણીવાળો શબ્દ શોધો.
(1) અગિયાર
(2) અચુક
(3) કૃષિવલ
(4) અધીન

17. નીચેના વિધાનમાંથી નિપાત શોધો.
'લાત શા માટે મારી, વારુ?'
(1) શા
(2) લાત
(3) મારી
(4) વારુ

18. 'સૂક્તિ' શબ્દની સંધિ છોડો.
(1) સુ + ઉક્તિ
(2) સુ + ઊક્તિ
×(3) સૂ + ઉક્તિ
×(4) સૂ + ઊક્તિ

19. 'અનાથ+આશ્રમ' નું સાચું સંધિ જોડાણ કયું છે?
(1) અનાથઆશ્રમ
(2) અનથાશ્રમ
(3) અનાથશ્રમ
(4) અનાથાશ્રમ

20. શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો - 'ગાયનું બચ્ચું'
(1) વાછરડું
(2) વછેરું
(3) બોતડું
(4) લવારું

21. $x : 4 = 31 : 2$ તો $x$ ની કિંમત કેટલી હોય?
(1) 31
(2) 124
(3) 64
(4) 62

22. સાદુરૂપ આપો : $15 - 4 \times 8 + (3 + 1)$ :
(1) 22
(2) $-13$
(3) 7
(4) 9

23. કઈ સંખ્યાના 20 ટકા બરાબર 50 થાય?
(1) 200
(2) 250
(3) 100
(4) 400

24. 5 ઘનમીટરનું કદ ધરાવતી ટાંકીમાં કેટલા લીટર પાણી સમાય?
(1) 1000 લીટર
(2) 5000 લીટર
(3) 1 લીટર
(4) 5 લીટર


PariksaPath · pariksapath.in

25. બે અંકની સૌથી નાની પાંચ ક્રમિક પ્રાકૃતિક સંખ્યાની સરાસરી શોધો
(1) 14
(2) 15
(3) 12
(4) 13

26. નીચેનાંમાંથી કઈ અવિભાજ્ય સંખ્યા છે?
(1) 607
(2) 91
(3) 3599
(4) 649

27. 270 = ________ નાં 90% ખાલી જગ્યામાં યોગ્ય અંક મુકો.
(1) 400
(2) 450
(3) 300
(4) 350

28. બિંદુ $(x, y)$ એ $(3, 6)$ અને $(-3, 4)$ થી સમાન અંતરે હોય, તો $x$ અને $y$ વચ્ચેનો સંબંધ જણાવો.
(1) $x - y = 5$
(2) $3x + y = 5$
(3) $x + y = 10$
(4) $x + 3y = 10$

29. લ.સા.અ. $(a, b) \times$ ગુ.સા.અ. $(a, b)$ = ............થાય.
(1) $a \times b$
(2) $a^2 \times b^2$
(3) $a$
(4) $b$

30. 6 મીટર લંબાઈની નિસરણીને દીવાલ સાથે કેટલી ઉંચાઈએ દીવાલને અડકે તે રીતે ગોઠવવાથી નિસરણીનો નીચેનો છેડો દિવાલથી 4.8 મીટર દૂર રહે?
(1) 4.8 મીટર
(2) 5 મીટર
(3) 2.4 મીટર
(4) 3.6 મીટર

31. 16 માણસો એક કામ 6 દિવસમાં પૂરું કરે છે. જો તે કામ 4 દિવસમાં પૂરું કરવું હોય તો, કેટલા માણસો જોઈએ ?
(1) 12
(2) 24
(3) 16
(4) 10

32. જ્યારે A = ________ હોય, ત્યારે $\sin 2A = 2\sin A$ સત્ય હોય.
(1) 45°
(2) 60°
(3) 0°
(4) 30°

33. $4\sin^2\theta + 4\cos^2\theta$ = ________.
(1) 4
(2) 6
(3) 0
(4) 2

34. કોઈ એક વસ્તુ 30% ખોટથી વેચવાથી, તેની મુળ કિંમત અને વેચાણ કિંમતનો ગુણોત્તર કેટલો થાય?
(1) 10 : 8
(2) 10 : 13
(3) 10 : 3
(4) 10 : 7

35. બે વર્તુળોના ક્ષેત્રફળનો ગુણોત્તર 4 : 9 હોય, તો તેની ત્રિજ્યાનો ગુણોત્તર જણાવો.
(1) 4 : 9
(2) 9 : 4
(3) 2 : 3
(4) 3 : 2

36. 1893 ની શિકાગો વિશ્વ ધર્મ પરિષદમાં આમંત્રણ મેળવનાર ગુજરાતી મહાનુભાવનું નામ આપો.
(1) મ.ન. દ્વિવેદી
(2) મણિભાઈ જોશી
(3) મણિભાઈ પ્રજાપતિ
(4) મણિભાઈ પટેલ


PariksaPath · pariksapath.in

37. કેસુડાના ફૂલ કયા વૃક્ષ પર થાય છે?

(1) ખાખરો
(2) મહુડો
(3) શીમળો
(4) સાદડો

38. ભૂદાનયાત્રાના પ્રણેતાનું નામ શોધો.

(1) કાકા કાલેલકર
(2) રવિશંકર મહારાજ
(3) ગાંધીજી
(4) વિનોબા ભાવે

39. ભાવનગર પાસે આવેલ અલંગ શેના માટે જાણીતું છે?

(1) શિપ રીસાઈકલિંગ યાર્ડ
(2) યાર્ન એક્સપોર્ટ
(3) કેમિકલ એક્સપોર્ટ
(4) મત્સ્યોદ્યોગ

40. પાલનપુર નજીક આવેલ દાંતીવાડા ખાતે કઈ નદી ઉપર બંધ બાંધવામાં આવેલ છે?

(1) મહી
(2) તાપી
(3) બનાસ
(4) વાત્રક

41. મહાત્મા ગાંધીજીએ કયા લેખકને 'સવાઈ ગુજરાતી'નું બિરુદ આપ્યું હતું?

(1) આચાર્ય કૃપલાની
(2) કાકાસાહેબ કાલેલકર
(3) અચ્યુત પટવર્ધન
(4) અનંત આયંગર

42. ગિરનારની તળેટીમાં ભવનાથનો મેળો કયા તહેવારે યોજાય છે?

(1) મહાશિવરાત્રી
(2) ગોકુળ અષ્ટમી
(3) નવરાત્રી
(4) ગણેશચતુર્થી

43. ડાંગ જિલ્લાનું મુખ્ય મથક કયું છે?

(1) સાપુતારા
(2) ભરૂચ
(3) આહવા
(4) વાંસદા

44. સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, જૂનાગઢમાં વિસ્તારમાં વસતા સીદીઓનું કયું નૃત્ય જાણીતું છે?

(1) ઘેર નૃત્ય
(2) ઘેરિયા નૃત્ય
(3) ધમાલ નૃત્ય
(4) માંડવા નૃત્ય

45. જૈન મંદિરો નીચેનામાંથી કયા સ્થળે વધારે પ્રમાણમાં આવેલા છે?

(1) અમરેલી
(2) બોટાદ
(3) ભાવનગર
(4) પાલિતાણા

46. ગુજરાતના મોઢેરા ખાતે ઈશ્વરના કયા સ્વરૂપનું જાણીતું પૂજા-સ્થળ મંદિર છે?

(1) સૂર્ય
(2) સોમ-ચન્દ્ર
(3) શિવ
(4) વિષ્ણુ

47. ગુજરાતની સૌથી મોટી સિંચાઈ યોજના કઈ છે?

(1) કલ્પસર યોજના
(2) સરદાર સરોવર નર્મદા યોજના
(3) તાપી યોજના
(4) ભાદર યોજના

PariksaPath · pariksapath.in

48. નીચેનાંમાંથી નમુનારૂપ સહકારી મંડળીનું ઉદાહરણ કયું છે?

(1) આઈ.સી.એ.આર.
(2) અમુલ
(3) નાબાર્ડ
(4) એચ.ડી.એફ.સી.

49. ભારતના 'માન્ચેસ્ટર' તરીકે ઓળખાતા શહેરનું નામ શોધો.

(1) અમદાવાદ
(2) રાજકોટ
(3) સુરત
(4) મુંબઈ

50. ગુજરાતનો ઘડિયાળ ઉદ્યોગ મુખ્યત્વે ક્યાં વિકસ્યો છે?

(1) ધ્રાંગધ્રા
(2) રાજકોટ
(3) ઉપલેટા
(4) મોરબી

51. ભારતમાં વોલીબોલની રમતની શરૂઆત કોણે કરી હતી?

(1) વાય.એમ.સી.એ
(2) આઈ.એમ.સી.એ
(3) એમ.એમ.સી.એ
(4) એમ.સી.સી.એ

52. કબડ્ડીમાં આઉટ થયેલો ખેલાડી સજીવન ક્યારે થઇ શકે છે ?

(1) સામેની ટુકડીનો ખેલાડી ચઢાઈ કરી સલામત પાછો જાય ત્યારે
(2) બોનસ પોઈન્ટ મળે ત્યારે
(3) બીજો અર્ધસમય શરુ થાય ત્યારે
(4) સામેની ટુકડીનો કોઈ ખેલાડી આઉટ થાય ત્યારે

53. કબડ્ડીના મેદાનમાં એક સાથે કેટલા ખેલાડીઓ મેદાનમાં રમવા ઉતરે છે?

(1) નવ
(2) અગિયાર
(3) પાંચ
(4) સાત

54. તાજેતરમાં ભારતીય T-20 ક્રિકેટ ટીમનાં કપ્તાન તરીકે કોની નિમણુક કરવામાં આવી છે?

(1) શુભમન ગીલ
(2) રોહિત શર્મા
(3) હાર્દિક પંડ્યા
(4) સુર્યકુમાર યાદવ

55. ખો-ખોની રમતમાં એક ટીમમાં કુલ કેટલા ખેલાડીઓ રમતમાં રમવા ઉતરે છે?

(1) 11
(2) 12
(3) 7
(4) 9

56. પેરિસ ઓલમ્પિકમાં બે ચંદ્રક પ્રાપ્ત કરનાર ભારતીય ખેલાડીનું નામ જણાવો.

(1) મનુ ભાકર
(2) માહેશ્વરી ચૌહાણ
(3) વિનેશ ફોગાટ
(4) અર્જુન બબુતા

57. નીચેનામાંથી કઈ રમત એ સાંઘિક રમત છે?

(1) ગોળાફેંક
(2) ભાલાફેંક
(3) ચક્રફેંક
(4) ખો-ખો

58. ભારતનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ ક્યા શહેરમાં આવેલું છે?

(1) ધરમશાલા
(2) અમદાવાદ
(3) કોલકાતા
(4) જયપુર



PariksaPath · pariksapath.in

59. ગુજરાત સરકાર દ્વારા અપાતો સર્વોચ્ચ ખેલ પુરસ્કાર કયો છે?

(1) જયદીપસિંહજી પુરસ્કાર

(2) અંબુભાઈ પુરાણી એવોર્ડ

(3) એકલવ્ય પુરસ્કાર

(4) સરદાર વલ્લભભાઈ પટેલ એવોર્ડ

60. ટાટા આર્ચરી એકેડેમી કયા રાજ્યમાં આવેલી છે?

(1) પશ્ચિમ બંગાળ

(2) ઉત્તરાખંડ

(3) ઝારખંડ

(4) બિહાર

61. નીચેનામાંથી કઈ દેશી રમત છે?

(1) વૉલીબૉલ

(2) કબડ્ડી

(3) ટેબલટેનિસ

(4) બાસ્કેટબૉલ

62. હૉકીની રમતમાં પ્રત્યેક ટુકડીમાં રમનાર ખેલાડીઓની સંખ્યા કેટલી હોય છે?

(1) 12

(2) 15

(3) 10

(4) 11

63. કયુ આસન જમ્યા પછી પણ કરી શકાય છે?

(1) વજ્રાસન

(2) સેતુબંધાસન

(3) પવનમુક્તાસન

(4) ઉષ્ટ્રાસન

64. ઊંચી કૂદમાં ખાડાની પહોળાઈ કેટલી હોય છે?

(1) 3 મીટર

(2) 4 મીટર

(3) 2 મીટર

(4) 5 મીટર

65. ચક્રફેંકમાં ચક્રને ફેંકી શકવાનો (દૂર સુધી ફેંકવાનો) આધાર કોની ઉપર હોય છે?

(1) ખેલાડીની ઊંચાઈ ઉપર

(2) કોણ અને ઝડપ ઉપર

(3) પવન ઉપર

(4) ખેલાડીના હાથની લંબાઈ ઉપર

66. શિકાગો ખાતે યોજાયેલી 'અખિલ વિશ્વ ધર્મપરિષદ' માં કોણે 'અમેરિકન ભાઈઓ અને બહેનો' એવું પ્રસિદ્ધ સંબોધન કરેલું?

(1) વિનોબા ભાવે

(2) સ્વામી વિવેકાનંદ

(3) ગાંધીજી

(4) સરદાર વલ્લભભાઈ પટેલ

67. તાજેતરમાં કયા દેશે ભગવાન શ્રીરામની પ્રતિમા પર ટપાલ ટિકિટ જારી કરી હતી?

(1) લાઓસ

(2) જાપાન

(3) ઇન્ડોનેશિયા

(4) વિયેતનામ

68. IPL-2024 ના ટાઇટલ સ્પોન્સર તરીકે કોણ રહ્યુ હતું?

(1) ટાટા ગ્રુપ

(2) ટાઇટન ગ્રુપ

(3) અદાણી ગ્રુપ

(4) અંબાણી ગ્રુપ

69. તાજેતરમાં વિદેશમંત્રી શ્રી એસ. જયશંકરે કયા શહેરમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ કર્યું?

(1) પેરિસ

(2) ટોકિયો

(3) જયપુર

(4) ગાંધીનગર



PariksaPath · pariksapath.in

70. તાજેતરમાં ટી આર પી ગેમ ઝોનની દુર્ઘટના ક્યા શહેરમાં બની હતી?
(1) રાજકોટ
(2) જામનગર
(3) સુરત
(4) ભાવનગર

71. તાજેતરમાં લોકસભા સ્પીકરની ચૂંટણીમાં ઓમ બિરલા સામે કોણે ઉમેદવારી નોંધાવી હતી?
(1) પરેશ ધાનાણી
(2) સચિન પાયલોટ
(3) રાહુલ ગાંધી
(4) કે. સુરેશ

72. હિન્દી ભાષાનો સૌપ્રથમ બૂકર પુરસ્કાર કોને મળ્યો છે?
(1) મહાદેવી વર્મા
(2) કૃષ્ણા સોબતી
(3) ગીતાંજલિશ્રી
(4) ગીતાંજલિ એયર

73. તાજેતરમાં નેધરલેન્ડના વડાપ્રધાન કોણ બન્યા છે?
(1) શ્રી વોન ડેરા લિયેન
(2) શ્રી એન્ટોનિયો ગુટરેસ
(3) શ્રી ડીક શૂફ
(4) શ્રી ડેનિસ ફ્રાન્સિસ

74. તાજેતરમાં નાસાના મેગેલન મિશને ક્યાં ગ્રહ પર ચાલુ જ્વાળામુખીની પ્રવૃત્તિ શોધી?
(1) ગુરુ
(2) શુક્ર
(3) મંગળ
(4) બુધ

75. તાજેતરમાં કેટલામો વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાયો?
(1) 52 મો
(2) 53 મો
(3) 50 મો
(4) 51 મો

76. ICC મેન્સ T-20 વર્લ્ડકપ 2024 ટુર્નામેન્ટમાં "પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ" નો એવોર્ડ કોને મળ્યો છે?
(1) અર્શદીપ સિંઘ
(2) રોહિત શર્મા
(3) વિરાટ કોહલી
(4) જસપ્રીત બુમરાહ

77. હાલમાં ભારતમાં તમાકુ નિયંત્રણ માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા હતા?
(1) સ્મૃતિ મંધાના
(2) પી.વી. સિંધુ
(3) કિદામ્બી શ્રીકાંત
(4) અક્ષયકુમાર

78. શ્રી મોહનચરણ માંઝી તાજેતરમાં ક્યા રાજ્યના મુખ્યમંત્રી બન્યા છે?
(1) છત્તીસગઢ
(2) અરુણાચલ પ્રદેશ
(3) ઓરિસ્સા
(4) બિહાર

79. IPL-2024 માં પર્પલ કેપ વિજેતા કોણ બન્યા?
(1) મિચેલ સ્ટાર્ક
(2) હર્ષલ પટેલ
(3) સુનીલ નરીન
(4) વિરાટ કોહલી

80. તાજેતરમાં ચાબહાર પોર્ટના સંચાલન અને વિકાસ માટે ક્યા દેશો વચ્ચે હસ્તાક્ષર કરવામાં આવ્યા છે?
(1) ભારત અને નેપાળ
(2) ભારત અને ઈરાન
(3) ભારત અને પાકિસ્તાન
(4) ભારત અને બાંગ્લાદેશ


PariksaPath · pariksapath.in

81. નીચેનામાંથી કોને કોમ્પ્યુટર સિસ્ટમનું બ્રેઈન કહેવાય છે?

(1) Memory

(2) Control Unit

(3) ALU

(4) CPU

82. નીચેનામાંથી કયુ ફાઈલ એક્સટેન્શન, સ્પ્રેડશીટ ફાઈલ માટેનું છે?

(1) .xlsx

(2) .doc

(3) .pptx

(4) .txt

83. નીચેનામાંથી કઈ શોર્ટ-કટ કી MS Excel માં બધીજ ઓપન થયેલ વર્કબુકમાં એક વર્કબુકમાંથી બીજી વર્કબુકમાં જવા (Switch) માટે થાય છે?

(1) Alt + A

(2) Ctrl + Tab

(3) Alt + S

(4) Ctrl + T

84. નીચેનામાંથી કયુ MS Office નું વેલીડ વર્ઝન નથી?

(1) Office 2007

(2) Office 2010

(3) Office Vista

(4) Office XP

85. નીચેનામાંથી કયુ વેબ બ્રાઉઝર નથી?

(1) માઈક્રોસોફ્ટ ઓફિસ

(2) ઓપેરા

(3) ગૂગલ ક્રોમ

(4) મોઝિલા ફાયર ફોક્સ

86. નીચેનામાંથી કઈ ફંક્શન કી MS Word માં 'find and replace' ડાઈલોગ બોક્સને ઓપન કરવા માટે થાય છે?

(1) F2

(2) F6

(3) F5

(4) F7

87. ICT સ્ટેન્ડસ ફોર ________.

(1) ઇન્ટલીજન્ટ કોમ્યુનીકેશન ટીચિંગ

(2) ઇન્ફોર્મેશન અને કોમ્યુનીકેશન ટીચિંગ

(3) ઇન્ટલીજન્ટ કોમ્યુનીકેશન ટેકનોલોજી

(4) ઇન્ફોર્મેશન અને કોમ્યુનીકેશન ટેકનોલોજી

88. નીચેનામાંથી કયુ પેઈજ ઓરીએન્ટેશનનું ઉદાહરણ છે?

(1) લેન્ડસ્કેપ

(2) A4

(3) સબસ્ક્રીપ્ટ

(4) સુપરસ્ક્રીપ્ટ

89. MS Excel માં ફોર્મ્યુલા ક્યાંથી શરૂ (start) થાય છે?

(1) (

(2) –

(3) /

(4) =

90. નીચેનામાંથી કઈ શોર્ટ-કટ કી MS Word ની બધી જ ટેક્સ્ને સિલેક્ટ કરવા માટે થાય છે?

(1) Ctrl+1

(2) Ctrl+S

(3) Ctrl+V

(4) Ctrl+A



PariksaPath · pariksapath.in

91. MS Word ની ફાઈલને જ્યારે સેવ (save) કરીએ તેનું ડીફોલ્ટ નામ શું હોય છે?

(1) Doc1

(2) Document1

(3) File1

(4) Word1

92. નીચેનામાંથી કઈ શોર્ટ-કટ કી વિન્ડોમાં ક્લીપ બોર્ડમાંના કન્ટેન્ટને પેસ્ટ કરવા માટે થાય છે?

(1) Ctrl+P

(2) Ctrl+V

(3) Ctrl+X

(4) Ctrl+C

93. નીચેનામાંથી ફીઝીકલ સાઈજને આધારે કઈ સિક્વન્સ સાચી છે?

(1) કોમ્પ્યુટર > લેપટોપ > ટેબલેટ > સ્માર્ટફોન

(2) કોમ્પ્યુટર > લેપટોપ > સ્માર્ટફોન > ટેબલેટ

(3) કોમ્પ્યુટર > ટેબલેટ > લેપટોપ > સ્માર્ટફોન

(4) ટેબલેટ > કોમ્પ્યુટર > સ્માર્ટફોન > લેપટોપ

94. નીચેનામાંથી ક્યો વિકલ્પ રન ડાયલોગ બોક્સમાં ટાઈપ કરવાથી MS Word શરૂ કરી શકાય?

(1) docx.exe

(2) winword.exe

(3) word.exe

(4) msword.exe

95. USB નું આખું નામ ________.

(1) યુનિવર્સલ સીરીઅલ બસ

(2) અનઆઇડેન્ટિફાઈડ સીસ્ટમ બસ

(3) યુનિવર્સલ સીસ્ટમ બસ

(4) અનઆઇડેન્ટિફાઈડ સીરીઅલ બસ

96. 'Ctrl+Z' શોર્ટ-કટ કીનું ફંકશન શું છે?

(1) કટ

(2) અનડૂ

(3) પેસ્ટ

(4) કોપી

97. નીચેનામાંથી કઈ શોર્ટ-કટ કી MS Word માં નવું ડોક્યુમેન્ટ ઓપન કરવા માટે થાય છે?

(1) Ctrl+N

(2) Alt+P

(3) Alt+N

(4) Ctrl+P

98. 'MS PowerPoint' માં કરન્ટ પ્રેઝન્ટેશનમાં નવી સ્લાઈડ ઈન્સર્ટ કરવા માટે નીચેનામાંથી કઈ શોર્ટ-કટ કીનો ઉપયોગ થાય છે?

(1) Ctrl+N

(2) Ctrl+P

(3) Ctrl+M

(4) Ctrl+S

99. નીચેનામાંથી કયુ ફાઈલ એક્સટેન્શન MS PowerPoint ફાઈલ માટેનું છે?

(1) .txt

(2) .xlsx

(3) .pptx

(4) .doc

100. નીચેનામાંથી ક્યો વિકલ્પ કોઈ પણ પેઈજના પ્રિન્ટીંગ એરિયાની બહારની બાજુએ બ્લેન્ક સ્પેસ દર્શાવે છે?

(1) ક્લીપ આર્ટ

(2) માર્જિન

(3) હેડર

(4) ફૂટર

-oOo-



PariksaPath · pariksapath.in